ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# પરિવાર ખરો પણ પરિવારમાં પરણિત દંપતિ એક પણ નહીં

સેન્સસના આંકડા એ સામાજિક જીવનની તાસીર છે. સામાજિક સંસ્થાઓ ગણાતી લગ્ન અને કુટુંબની વાસ્તવિક પરિસ્થિતિ દર્શાવતો આંકડાકીય દસ્તાવેજ પણ વસ્તી ગણતરી છે. એક સમયે ભારતની સમસ્યાઓ અંગ્રેજોની ગુલામી પછી અત્યંત દુઃખદાયક ગણી શકાય એ રીતે વકરી હતી. આઝાદી મેળવી તે સમયે ભારતની મુખ્ય સમસ્યા 'રોટી, કપડા ઔર મકાન'ની મુખ્ય હતી. સમાજ વિજ્ઞાનની દૃષ્ટિએ આ સમસ્યા આર્થિક સમસ્યા હતી. ધીમે ધીમે આપણે પગભર થયા. અનેક વિકાસ કાર્યક્રમોના સથવારે પ્રગતિ કરી. ખેતી, વીજળી, પાણી, અનાજ ઉત્પાદન વગેરે ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી. આર્થિક સમસ્યાઓનો ઉકેલ પૂરેપુરો નહીં પરંતુ થોડા ઘણા અંશે તો ચોક્કસ આપણે મેળવી શક્યા. ૭૦ના દાયકા સુધી ભારતમાં જ્યારે જ્યારે દુકાળ પડે ત્યારે વિકસિત રાષ્ટ્રો દ્વારા 'લાલ ઘઉં'ની સહાય અપાતી હતી એ હાથ લાંબો કરીને



ગણતરીમાં ગાંધીનગર

પ્રા. ડો. રાજેન્દ્ર જાની

**હવે 'સ્ત્રી ભૃણ હત્યા'ની અસરો ઘર પરિવારમાં દેખાય છે**

માગવાની સ્થિતિ પણ દૂર થઈ. ૧૯૫૦માં બંધારણના કલ્યાણ રાજ્યનો આદર્શ ધીમે ધીમે પ્રસરણ પામતો ગયો અને આપણે વિકાસશીલ રાષ્ટ્રોની સુચિમાં બહુ ઉપરના ક્રમના દેશ તરીકે આગળ આવતા ગયા. કૃષિ સુધાર અને સિંચાઈ ક્ષેત્રે આયોજન પંચના પંચવાર્ષિક આયોજન આર્થિત સમૃદ્ધિ તરફ દેશને દોરી ગયા એમ ચોક્કસ કહી શકાય. પણ ૧૯૮૧ના વસ્તી ગણતરી અહેવાલમાં એક બાબત સહેજ ઉપસી કે દેશમાં દિકરીઓનું પ્રમાણ દિકરાઓની સરખામણીએ ઓછુ છે. અલબત્ત એ સેન્સસ સર્વેમાં આ સમસ્યા બહુ મોટી જણાઈ ન હતી. પરંતુ ૧૯૯૧ના વસ્તીગણતરી અહેવાલ 'દિકરી'ઓની ખોટ તરફ સ્પષ્ટ અંગુલિનિર્દેશ કર્યો અને આ સમસ્યા ૨૦૦૧ અને ૨૦૧૧ના વસ્તી ગણતરીના અહેવાલોએ વ્યાપક પ્રમાણાં વકરી હોવાના ભયસુચક નિર્દેશો વ્યક્ત કર્યા છે. વસ્તીશાસ્ત્રી આશિષ બોઝે એક સમયે સામાજિક શૈક્ષણિક અને ખાસ તો આર્થિક ક્ષેત્રે નબળા રાજ્યોની ચિંતાજનક સ્થિતિ દર્શાવી હતી. શ્રીયુત બોઝે બિહાર, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોને દેશના નબળા રાજ્યો તરીકે દર્શાવ્યા હતા. આ રાજ્યોને તેમણે બિમારુ (ૈંસ્છઈ) સ્ટેટસ ગણાવ્યા હતા. પરંતુ આ રાજ્યોની આવી ઓળખ તેમણે આર્થિક બાબતે વધુ આપી હતી. એ જ આશિષ બોઝે ૨૦૦૧ના વસ્તી ગણતરીના અહેવાલ પછી દિકરીઓની ગર્ભમાં જ હત્યા કરી નાંખવાની ઘાતકી વૃત્તિ દેશના અનેક રાજ્યોમાં વકરી હોવાનો અહેવાલ આપ્યો હતો. ગર્ભમાં જ બાળકી હોવાની જાણ થતા ભૃણ હત્યા કરવાની પાપલીલા આચરતા રાજ્યોની ઓળખ આપતા બોઝે તેમની 'ડિમારુ' રાજ્યો લેખાવ્યા.

અગાઉ 'બિમારુ' રાજ્યો એટલે આર્થિક પ્રગતિમાં નબળા રાજ્યો એવી સ્પષ્ટ ઓળખ સમાયેલી હતી તેમ જો 'ડિમારુ'ની ઓળખ એવી આપવામાં આવી કે ભારતના એવા રાજ્યો કે જ્યાં 'સ્ત્રી ભૃણ હત્યા' સૌથી વધારે પ્રમાણમાં થાય છે. આર્થિક દષ્ટિએ બિમાર રાજ્યોમાં સૌથી વધારે રાજ્યો એવા હતા કે જેઓ વિસ્તાર અને વસ્તી, વસ્તી ગીચતાની દષ્ટિએ પણ ભારતના બહુ મોટા રાજ્યો

● અનુસંધાન પાન-૭ પર




શહેરમાં દબાણથી ગંભીર સમસ્યા પાર્કીંગ સેન્સની છે. શહેરના માર્ગો વચાળે જ વાહનોનો ખડકલો થતા ટ્રાફિકની દ્રષ્ટીએ અનેક સમસ્યાઓ ઉભી થાય છે.જયારે માર્ગ સલામતી પણ જોખમાય તેવી સ્થિતિ સર્જાય છે. નગરના છ માર્ગ પર કાર્મેલથી પેટ્રોલ પંપ તરફ જવાના રસ્તા પર નો પાર્કીંગના બોર્ડસ લગાવી દેવાયા છે. આ માર્ગ પર સે-૨૧ શોપિંગમાં જતા મુલાકાતીઓ આડેધડ વાહનોનો ખડકલો કરી દે છે. આ સમસ્યા નિવારવા માટે નો પાર્કીંગ કરી દેવાયુ છે.

# આજે વડી અદાલતમાં મનપાના વિવિધ કેસોની સુનાવણી આગળ ધપાશે

ગાંધીનગર, તા.૨૫

રાજયની વડી અદાલતમાં આજે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરની ચૂંટણીના મામલે સુનાવણી આગળ વધશે.

ભારતીય જનતા પક્ષે પણ આ કાનૂની જંગ લડવા માટની તૈયારીઓ પૂરી કરી લીધી છે. ભાજપના ૧૬ કાઉન્સીલરો આજે કોર્ટમાં પક્ષકાર તરીકે જોડાઈ અને જંગમાં ઝુકાવશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણી પ્રક્રિયાની કાયેદસરતાને પડકારી છે ત્યારે ભાજપે પણ હવે જંગ લડવા માટેનું મન બનાવી લીધું છે. સ્થાનિક નેતાગીરીએ કાઉન્સીલરોની આ માટે સહીઓ બે દિવસમાં એકત્ર કરી અને કાનૂન વિદ્દને સોંપી દીધાનું જાણવા મળેલ છે. બીજી તરફ કોંગ્રેસ પક્ષે પણ આ મુદ્દે જાણીતા

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી ડેપોમાં દોઢ વર્ષના અંતે પણ એ ટી એમ સેન્ટર કાર્યરત થયુ નથી

**એ ટી એમ શરૂ કરવા માટે બેંકો રસ દાખવી નથી**

ગાંધીનગર તા ૨૫

શહેરના હાર્દસમાં વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં વર્ષોથી એ ટી એમ સેન્ટર શરૂ કરવા માટે મુસાફરોએ માંગણી કરી છે. જયારે એસ ટી તંત્ર દ્વારા આ માટે જગ્યાની ફાળવણી કરી હોવાછતા નગરની એકપણ બેંક એસ ટી ડેપોમાં એ ટી એમ સેન્ટર શરૂ કરવા માટે રસ દાખવતી નથી જેના લીધે એસ ટી ડેપોમાં એ ટી એમ સુવિધા હજુ સુધી ઉપલબ્ધ થઈ નથી. મુસાફરોએ પણ પૈસા ઉપાડવા માટે સિવિલ તેમજ પેટ્રોલપંપ સુધી લાંબા થવુ પડે છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સુવિધાના નામે મીંડુ ચિતરાયેલુ છે. એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ પણ સાકાર થઈ નથી. જયારે પાટનગરને છાજે તેવી બસ સુવિધાના અભાવ વચ્ચે મુસાફરો પણ પાયાની સવલતો વિના હેરાનગતિ વેઠી રહ્યા છે. જેમા સલામતીનો મુદ્દો સૌથી વિશેષ છે. લાંબા સમયના અંતે પણ એસ ટી ડેપોમાં પોલીસ ચોકી

● અનુસંધાન પાન-૭ પર

# ધો. ૧ અને ૨ ના ભૂલકાંઓને ઘરકામ આપતા જ નહિ !!

**બાળકના દફતરનું વજન પણ નિયત કરી ભારત સરકારે સૂચવ્યુ**

ગાંધીનગર, તા. ૨૫

બાળકોને ભાર વગરના ભણતર માટે સજ્જ કરવા ભારત સરકારે તાજેતરમાં એક મહત્વનો પરિપત્ર જારી કર્યો છે જેનો અમલ કરવા સૌને જણાવવામાં આવ્યુ છે.

ભારત સરકારે કરેલા પરિપત્રમાં ધો. ૧ અને ૨ ના બાળકોને કોઈપણ પ્રકારનું ઘરકામ નહિ આપવાની કડક સૂચના આપી છે. આ ઉપરાંત ગણિત અને ભાષા સિવાય અન્ય કોઈ પુસ્તકો પણ શાળાએ સૂચવવા નહિ તેવી તાકીદ કરી છે. શાળાઓએ પાઠય પુસ્તકો સિવાય અન્ય કોઈ પુસ્તકો ખરીદવાનો કે અન્ય સાહિત્ય ખરીદવાનો આગ્રહ કરવો નહિ તેવી સ્પષ્ટ સૂચના પણ જારી કરી છે.

કેન્દ્ર સરકારે પ્રા. શાળાના ભૂલકાંઓના દફતરનું વજન કેટલુ હોવુ જોઈએ તે પણ નિયત કરી આ પરિપત્રમાં સૂચવ્યુ છે.

ભારત સરકારે કરેલા પરિપત્ર મુજબ ધો. ૧ અને ૨ ના બાળકના દફતરનું વજન ૧ કિલો ૫૦૦ ગ્રામથી વધુ ન હોવુ જોઈએ. ધો. ૩ થી ૫ ના બાળકનું દફતર ૨ થી ૩ કિલો તેમજ જેમ જેમ બાળક અભ્યાસક્રમમાં આગળ વધે ત્યારે તે ધો. ૧૦ પાંચ કિ.ગ્રા.થી વધુ વજન ધરાવતુ ન હોવુ જોઈએ.

ભારત સરકારે કરેલા આ પરિપત્ર પછી હવે રાજ્ય સરકાર પણ આ દિશામાં એકાદ દિવસમાં સૂચનાઓ જારી કરશે તેમ મનાઈ રહ્યુ છે. આજે આ પરિપત્ર શિક્ષણ સાથે સંકળાયેલ સૌને સ્પર્શતો હોવાથી ટોક ઓફ ધી ટાઉન પણ મુદ્દો બન્યો હતો.

# આયુષ્યમાન ભારત યોજનાના ગોલ્ડન કાર્ડ જનરેટ કરવાની ધીમી ગતિથી સરકાર નારાજ

**મંત્રીમંડળની બેઠકમાં આ મુદ્દે ગરમાગરમ ચર્ચા બાદ આજે તંત્ર દ્વારા ખાસ સમીક્ષા બેઠક**

ગાંધીનગર, તા. ૨૫

આયુષ્યમાન ભારત- પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા હેઠળ ગોલ્ડન રેકર્ડ જનરેટ કરી લાભાર્થીઓના આપવાના થતા કાર્ડની ધીમી કામગીરી અંગે રાજ્ય સરકારે અને આરોગ્ય વિભાગે સખ્ત નારાજગી વ્યક્ત કરી છે.

તાજેતરમાં રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પણ આ મુદ્દે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી તે પછી મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ તાત્કાલિક તંત્રના અધિકારીઓને બોલાવી કડક સૂચના આપી હતી કે લાભાર્થીઓને ત્વરિત કાર્ડ મળી જવા જોઈએ.

આ યોજના હેઠળ રાજ્યની સરકારી હોસ્પિટલો, અનુદાન મેળવતી હોસ્પિટલો અને યોજના સાથે સંકળાયેલ ખાનગી હોસ્પિટલોમાં કોમન સર્વિસ સેન્ટરની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી હોવા છતાં આ કામગીરી ધીમી ચાલી રહી હોવાની ફરિયાદો સરકારને મળતાં સરકાર ચોંકી ઉઠી હતી.

રાજ્યમંત્રી મંડળની બેઠકમાં આ મુદ્દે ચર્ચાઓ થયા બાદ રાજ્યના આરોગ્ય કમિશનરે આ અંગે જિલ્લા તંત્રના અધિકારીઓ તેમજ કમિશનરો સાથે એક ખાસ વિડીયો કોન્ફરન્સનું આયોજન કર્યુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે નિયત માપદંડ ધરાવતા સામાજિ, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ-૨૦૧૧ની યાદીમાં સમાવિષ્ટ પરિવારોને કુટુંબ દીઠ રૂ. પાંચ લાખ સુધીનું આરોગ્ય કવચ પુરૂ પાડવામાં આવે છે.

સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય અત્યાર સુધી આયુષ્યમાન ભારત યોજનામાં હોસ્પિટલ એમ્વેનલમેન્ટ, પ્રિ-ઓથોરાઈઝેશન અને ક્લેઈમની બાબતે શ્રેષ્ઠ કામગીરી હાથ ધરેલ છે પરંતુ લાભાર્થી વેરિફીકેશનની કામગીરી ઝડપી અને ત્વરિત થતી નહિ હોવાની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં ઉઠવા પામી છે.

તંત્રએ જિલ્લાના સંબંધિત તલાટી, ફીમેલ હેલ્થ વર્કર, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર અને આશા બહેનો વિગેરેને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન સાથે ઉક્ત હોસ્પિટલોમાં નિયત માપદંડ ધરાવતા લાભાર્થી કુટુંબોને ગોલ્ડન કાર્ડ ઝડપથી મળે તેવી વ્યવસ્થા ઉભી કરવા જણાવ્યુ હતુ પરંતુ ઘણા બધા જિલ્લાઓમાં જિલ્લાકક્ષાએથી યોગ્ય મોનીટરીંગના અભાવે કામગીરી ખોરંભે પડી હોવાની વિગતો સરકારને મળતાં સરકાર ચોંકી ઉઠી હતી અને મંત્રીમંડળની બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ આ મુદ્દે થઈ હતી. એવી પણ હકીકત બહાર આવવા પામી છે કે તંત્રના અધિકારીઓ પાસેથી કેટલા ગોલ્ડનકાર્ડ અપાયા, કેટલા ક્લેઈન રજુ થયા, કેટલાની ચૂકવણી થઈ વિગેરે બાબતોને લઈ આજની સમીક્ષા બેઠકમાં ચર્ચાઓ થશે.

# આજે ગાંધીનગર નાગરિક બેંકના પદ્માનિત હોદ્દેદારો પદગ્રહણ કરશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નાગરિક કો-ઓપ બેંકના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જે મુજબ ચેરમેનપદે એલ.કે. વાઘેલા, વાઈસ ચેરમેન પદે મનુભાઈ પટેલ તથા મેનેજીંગ ડિરેક્ટર પદે નરેન્દ્રભાઈ શાહની પસંદગી કરવામાં આવી છે. આ તમામ પદ્માનિત હોદ્દેદારો આવતીકાલે તા. ૨૬મી નવેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે સેક્ટર-૧૬, ગાંધીનગર નાગરિક કો-ઓપ.બેંકની હેડ ઓફિસ ખાતે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, શુભેચ્છકો તથા સભાસદોની ઉપસ્થિતિમાં હોદ્દાના શપથ ગ્રહણ કરશે.



**બેસણું**

અમારા સુપુત્ર/ભાઈ **શ્રી રમેશભાઈ દેવજીભાઈ ચૌધરી (પામોલ નિવાસી હાલ ગાંધીનગર) નુ** તા.૨૫-૧૧-૧૮ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.પ્રભુને ગમ્યુ તે ખરૂ **સદ્દગતનું બેસણું** નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.

**પામોલ મુકામે તા.૨૬-૧૧-૧૮ને સોમવારના રોજ ચૌધરી સમાજની વાડી**

**ગાંધીનગર ખાતે તા.૨૯-૧૧-૧૮ ને ગુરૂવારના રોજ ઉમીયામાતાની વાડી, સે.૧૨, કલેકટર ઓફીસની સામે .સમય સવારે ૮:૩૦ થી ૧૨:૦૦ કલાક**

દર્શિત રમેશભાઈ ચૌધરી (પુત્ર) (કેર કનસ્ટ્રશન)
મણીભાઈ પુંજીરામ ચૌધરી(કાકા)
ડાહ્યાભાઈ દેવજીભાઈ ચૌધરી(ભાઈ)
નરેશભાઈ મણીભાઈ ચૌધરી(ભાઈ)
બળદેવભાઈ દેવજીભાઈ ચૌધરી (ભાઈ)
શૈલેષભાઈ મણીભાઈ ચૌધરી(ભાઈ)

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. હંસાબેન ગિરીશચંદ્ર ઝાટકિયા**

જન્મ : ૧૪-૧-૧૯૪૮ અરિહંતશરણ : ૨૬-૧૧-૨૦૧૬

સુખને છલકાવ્યુ નહિ, દુઃખને દેખાડ્યું નહિ,
સદાય હસતો રાખી ચહેરો, કાયમી લીધી વિદાય,
પરિવાર માટે ફુલો પાથર્યા, સર્વત્ર ફેલાવી સુવાસ,
તમારો પ્રેમાળ, નિખાલસ, પરોપકારી, વ્યવહારકુશળ
સ્વભાવ તથા મુશ્કેલીના સમયમાં બહોળી ધીરજ,
હૂંફ, ઉદારભાવના કદી ભુલાશે નહિ.
પ્રભુ આપના પવિત્ર આત્માને
શાશ્વત દિવ્ય શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

એજ આપનો

'શાંતારા'
(સ્વ. શાંતાબેન તારાચંદ ઝાટકિયા) પરિવાર
હ.
ગિરીશ ● પુનિત ● ભાવના ● દર્શિની
તથા
જયદેવ ● પ્રિતી ● આદિત્ય શેઠ પરિવાર (ઉપલેટા)

# સે-૨૪ સળી પર ચિંગમ ચિપકાવી દાનપેટીમાંથી ચોરી કરતા ટાબરીયા

**હરસિધ્ધનગરમાં અંબાજી મંદિરની દાનપેટીમાંથી ચિંગમ ચિપકાવેલી ૨૫ સળીઓ નિકળી**

ગાંધીનગર તા ૨૫

સે-૨૪ માં શ્રમિક પરિવારના બાળકો મંદિરની દાનપેટીમાં ચિંગમ ચિપકાવેલી સળીઓ નાંખીને પૈસાની ઉઠાંતરી કરતા હોવાનો કિસ્સો ધ્યાને આવ્યો છે. ચિંગમ ચિપકાવી ચોરી કરવાના નુસખા અંગે સેકટરવાસીઓ જાગૃત થાય તે માટે સેકટરના જ એક જાગૃત નાગરિકે સમગ્ર મામલે નાગરિકોને માહીતગાર કરવા માટે એક વિડીયો તૈયાર કરીને પણ સોશિયલ મીડીયામાં મુક્યો છે. શહેરમાં અનેકવાર ચોરી ચપાટીના કિસ્સાઓ ધ્યાને આવે છે. જેમાં ઘરફોડ ચોરીથી લઈ રાહદારીના ખિસ્સામાં હાથફેરો કરી લેતા ગઠીયાઓથી પણ આમ નાગરિકોએ સાવધ રહેવાની અનિવાર્યતા છે. ઘરફોડ ચોરીની સાથે મંદિરોમા પણ કીંમતી ચીજવસ્તુઓની ઉઠાંતરી થતી હોવાનુ અનેકવાર પ્રકાશમાં આવે છે. જયારે મંદિરની દાનપેટી તોડીને રોકડ ઉઠાવી જતી હોવાની ફરિયાદો પણ અત્યાર સુધી અનેકવાર થઈ છે. જયારે સે-૨૪ માં મંદિરની દાનપેટીમાંથી રોકડ સેરવી લેવા માટે ટાબરિયા ગેંગે અનોખો નુસ્ખો અજમાવ્યો છે. સે-૨૪ માં સ્થિત હરસિધ્ધનગર સોસાયટીમાં આવેલ અંબાજી મંદિરની દાનપેટીમાંથી પૈસાની ઉઠાંતરી થતી હોવાનુ સેકટરના જાગૃત નાગરિકના ધ્યાને આવ્યુ હતુ .જયારે દાનપેટીમાં લાંબી સળી પર ચિંગમ ચિપકાવી અંદર નાંખીને નોટ તેમજ રોકડા સિક્કાની ધીમે ધીમે ઉઠાંતરી કરવામાં આવી રહી હોવાથી સેકટરના જાગૃત નાગરિકે આ મામલે એક વિડીયો તૈયાર કરી સોશિયલ મીડીયાના માધ્યમથી આમ નાગરિકોને આ અંગે એલર્ટ કરવા પ્રયાસ કર્યો છે. જો કે સેકટરના મંદિરની દાનપેટીમાંથી થતી ચોરી પાછળ ટાબરિયા ગેંગ સક્રીય હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. આસપાસના શ્રમિક વસાહતના બાળકોએ પૈસાની ઉઠાતરી માટે આ કિમીયો અજમાવ્યો હોવાનુ મનાઈ રહ્યુ છે. તેમણે સે-૨૪ ના રહીશોને પણ આ મામલે જાગૃત રહેવા માટે જણાંવ્યુ છે.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**જળસંચય અભિયાન અંતર્ગત**

# નદી પુનઃ જીવીત કરવાના રૂ. ૧૨ કરોડની દરખાસ્ત જિલ્લાએ તૈયાર કરી

ગાંધીનગર, તા. ૨૫

જિલ્લામાં નદી પુનઃ જીવીત કરવાની યોજનાના ભાગ-૨ અંતર્ગત આગામી દિવસોમાં રૂ. ૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં જિલ્લા જળસ્રાવ એકમ ગાંધીનગરની એક બેઠક મળી હતી જેમાં આ અંગેની દરખાસ્ત તૈયાર કરી રાજ્ય સરકારને મોકલી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે આ એકમ દ્વારા નદીકાંઠાના ૧૭ જેટલા ગામોમાં આ અંગેનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં માણસા તાલુકાના ૧૦ ગામ અને ગાંધીનગર તાલુકાના ૭ ગામોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ચેકહોલ, નાળા પ્લગીંગ, નાના રિચાર્જ વેલ, ડકવેલ તેમજ વનીકરણ જેવા કામો હાથ ધરવાનું આયોજન હાલ વિચારણામાં લઈ દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. રાજ્ય સરકારે જુન-૧૮માં તળાવ ઊંડા કરવા તેમજ નવા બનાવવા અને નદીઓ પુનઃ જીવીત કરવા માટે એક ખાસ ઝુંબેશ ઉપાડી હતી. જિલ્લામાં ૧૫૦થી પણ વધુ તળાવ ઊંડા કરવામાં આવ્યા હતા. જોકે આ વખતે ચોમાસુ જિલ્લામાં નિષ્ફળ રહેવા પામ્યુ છે પરંતુ જળસંચય અભિયાન અંતર્ગત બીજો તબક્કો પણ આગામી ફેબ્રુઆરીમાં હાથ ધરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. જેથી જિલ્લાએ આ દરખાસ્ત તૈયાર કરી અને સરકારની મંજૂરી માટે મોકલી આપેલ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# સે. ૨૨ના યુવા અગ્રણી રમેશ ચૌધરીનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં યુવાવયે જ એન્જીનીયર તરીકેની આગવી ઓળખ ઉભી કરનાર રમેશ ચૌધરીનું આજે બપોરે બિમારીને લઈ દુઃખદ અવસાન થયુ છે.

તેઓ શહેરના જાણીતા અગ્રણી મણિભાઈ પી. ચૌધરીના ભત્રીજા થાય છે. સે. ૨૨માં આ સમાચાર પ્રસરતાં જ ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. સ્વર્ગસ્થ રમેશભાઈ છેલ્લા કેટલાક સમયથી બિમાર હતા. સ્વર્ગસ્થ



રમેશભાઈ ચૌધરીની આજે નીકળેલી અંતિમ યાત્રામાં નગરના શ્રેષ્ઠીઓ, નગરના વેપારીઓ, આંજણા ચૌધરી સમાજના શ્રેષ્ઠીઓ, અગ્રણીઓ, બિલ્ડરો, કર્મચારી અગ્રણીઓ, પંદેવ યુવક મંડળના અગ્રણીઓ, સમર્પણ ટ્રસ્ટના અગ્રણી કાર્યકરો તેમજ કાઉન્સીલરો રાજકીય પક્ષોના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સ્વર્ગસ્થનું આજે તેમના વતન પામોલ ખાતે સામાજિક બેસણુ અને ગુરૂવારે સવારે ગાંધીનગર ખાતે બેસણુ રાખેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com